સંક્ષિપ્ત સમાચાર

ખત્રી વિદ્યાલયમાં રાષ્ટ્રીય કૃમિનાશક દિવસની ઉજવણી કરવામાં આવી

બોડેલી : આજરોજ મોટીબુમડી પીએચસી સેન્ટરમાંથી ચિંતનભાઈ પટેલ અને તેમની ટીમ દ્વારા શાળાની મુલાકાત લીધી. શાળામાં તમામ વિદ્યાર્થીઓને શરીરમાં કૃમિ નું અસ્તિત્વ અને તેનાથી થતી આડ અસરોની માહિતી આપવામાં આવી. વિદ્યાર્થીઓને કૃમિના કારણે થતી આડ અસરોમાં લોહીની કમી અને નબળાઈ, કુપોષણ અને માનસિક વિકાસમાં અવરોધ, ભણવામાં એકાગ્રતાનો અભાવ તેમજ ગોળી ખાવાના ફાયદા માં સ્વાસ્થ્યમાં સુધારો, શારીરિક અને માનસિક વિકાસ, અભ્યાસમાં પ્રગતિ વગેરે બાબતોની માહિતી આપવામાં આવી. રોજિંદા જીવનમાં વિદ્યાર્થીઓને જમવામાં કઈ વાનગીઓ લેવી તેનું માર્ગદર્શન આપવામાં આવ્યું અને દિવસ દરમિયાન વધુમાં વધુ પાણી પીવા પર ભાર મૂકવામાં આવ્યો.

શિનોરમાં જય ભોલે પરિવાર દ્વારા ૩૦૧ દશામાની પ્રતિમાનું નિઃશુલ્ક વિતરણ

શિનોર : શિનોર પંથકમાં દશામા ના વ્રત કરતા ભાવિક ભક્તો ની માણતા પૂરી થતી હોવાની અતૂટ શ્રદ્ધા છે. ત્યારે દશામા ની પુજા આરધના કોઈ પણ ભક્ત આર્થિક મુશ્કેલી ના કારણે રહી ના જાય તે માટે જયભોલે પરીવાર અને ગામના માઇભક્તો દ્વારા 301 દશામા ની પ્રતિમા નું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું. શિનોર ના જયભોલે પરીવાર ના યુવાન રવી રાણા, અને આકાશ રાણા બંને ભાઈઓ અને તેમના પરિવાર ને દશામા ના વ્રતમાં અતૂટ શ્રદ્ધા છે. દર વર્ષે તેઓ દ્વારા દશામા ના વ્રત અને તેમની આરધના કરતા માઈ ભક્તો માટે નિઃશુલ્ક દશામાં ની પ્રતિમા નુ વિતરણ કરાય છે. તેઓ દ્વારા આ વર્ષે 213 પ્રતિમા અને તેમના આ કાર્યમાં ગામના માઈ ભક્તો જગદીશભાઈ માછી 51 પ્રતિમા , શૈલેષભાઇ માછી 25 પ્રતિમા અને અનિલભાઈ ખત્રી 11 પ્રતિમા આપી આ ભક્તિ કાર્ય મા સહભાગી થતા કુલ 301 પ્રતિમા નુ નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું. શિનોર ગામના અને આજુબાજુ ગામના મોટી સંખ્યામાં માઈ ભક્તો પ્રતિમા લેવા ઉમટી પડ્યા હતા. સૌ પ્રથમ શિનોર ગામના આગેવાન અને વડોદરા જિલ્લા ભાજપ કોષધ્યક્ષ સચિન પટેલ અને ઉપ સરપંચ નિતિન ખત્રી ના હસ્તે દશામાં ની પ્રતિમાઓની આરતી કરવામાં આવી હતી.

ક્વાંટ-રેણધા માર્ગ બનશે આધુનિક, ધારાસભ્ય જયંતી રાઠવાના હસ્તે ખાતમુહૂર્ત

ક્વાંટ : ક્વાંટ તાલુકો જે ગુજરાત રાજ્યનો અતિ પછાત તાલુકો છે જે ગુજરાત અને મધ્યપ્રદેશ રાજ્યને જોડતો ક્વાંટથી રેણધા માર્ગ જે 13 km નો રસ્તો છેલ્લા બાર વર્ષથી ખૂબ જ ખખડધજ હાલતમાં હતો અહીંની પ્રજા ની ખૂબ જ તકલીફ વેઠવી પડતી હતી રસ્તા પર મસ્ત મોટા ગાબડાઓ પડી જતા 13 કિલોમીટરનો રસ્તો કાપતા દોઢ કલાક જેટલો સમય નીકળી જાય છે જેતપુર પાવી ધારાસભ્ય જયંતીભાઈ રાઠવા દ્વારા આ ગંભીર બાબતને ધ્યાનમાં લઈને ગુજરાત રાજ્યમાં રજૂઆત કરવામાં આવી અને આ રસ્તો જે જિલ્લા પંચાયત હસ્તકનો હતો તેના બદલે સ્ટેટ વિભાગમાં સુપ્રત કરવામાં આવ્યો અને 13 km નો રસ્તો જે 5.5 મીટર નો હતો તેના બદલે દસ મીટરનો બ્લોક કટીંગ સાથે 54 કરોડના ખર્ચે રસ્તા ની મંજૂરી મેળવવી તેની સંપૂર્ણ પ્રક્રિયા પૂર્ણ થતા આજરોજ આ રસ્તાનો ખાતમુહૂર્ત ઘનીવાળી ગામે કરવામા આવેલ જેના કારણે સમગ્ર તાલુકાના તેમજ ક્વાંટ થી રેણદા જતા માર્ગ પર આવતા દરેક ગામોના સરપંચો તેમજ પ્રજામાં ખુશીની લહેર જોવા મળી હતી.

પાદરામાં દશામાના વ્રતને લઈ ભક્તોમાં ઉત્સાહ, મૂર્તિ ખરીદી માટે ઉમટી ભીડ

પાદરા : દશામાના વ્રતની શરૂઆત આગામી બુધવાર, તા. 12 ઓગસ્ટથી થવા જઈ રહી છે ત્યારે પાદરા શહેરમાં દશામાના વ્રતને લઈને ભક્તોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. પાદરાના અંબાજી રોડ પર દશામાની મૂર્તિઓની ખરીદી માટે ભક્તોની ભારે ભીડ જોવા મળી રહી છે. રસ્તા પર દશામાની વિવિધ આકારની મૂર્તિઓના સ્ટોલ સાથે માતાજીના શણગાર, પૂજાપા સામગ્રી સહિતની વસ્તુઓની દુકાનો પણ મંડાઈ છે. વ્રતની શરૂઆતને આડે હવે ગણતરીના કલાકો બાકી હોવાથી લોકો પરિવાર સાથે દશામાની મૂર્તિ તેમજ પૂજાની જરૂરી સામગ્રીની ખરીદી કરવા મોટી સંખ્યામાં ઉમટી રહ્યા હોવાનું જય અંબે મૂર્તિ સેન્ટર ના નિકુંજ પરમારે જણાવ્યું હતું. જેના કારણે અંબાજી રોડ પર દિવસ દરમિયાન ભારે ચહલપહલ અને ભક્તિમય માહોલ જોવા મળી રહ્યો છે.

સંખેડા ખેતી બેંકની ચૂંટણીમાં તમામ ૪ ઉમેદવારો બિનહરીફ

સંખેડા : સંખેડા ખાતે આવેલી ખેતી બેંકની શાખા તથા જિલ્લા ડિરેક્ટરોની મુદત પૂર્ણ થતાં નવી ચૂંટણી પ્રક્રિયા હાથ ધરાઈ હતી. આ ચૂંટણીમાં ઉમેદવારી ફોર્મની ચકાસણી, ઉમેદવારી પાછી ખેંચવાની પ્રક્રિયા, દાવેદારી બાદ ચિત્ર સ્પષ્ટ થતાં કુલ 4 ઉમેદવારો બિનહરીફ વિજેતા જાહેર થયા છે. જેમાં પ્રતિનિધિ તરીકે નરહરી ભાઈ ભગવાનભાઈ પટેલ તેમજ પ્રતિનિધિ તરીકે પટેલ વિશાલ જગદીશચંદ્ર અને સભ્ય તરીકે ભગત રમેશચંદ્ર દામોદર ભાઈ અને વાસુદેવભાઈ અરવિંદભાઈ પટેલ ને બિનહરીફ ચૂંટાઈ આવ્યા છે. સંખેડા ખેતી બેંકની આ ચૂંટણીમાં કુલ 11 ઉમેદવારોએ પોતાના ઉમેદવારી પત્રો ભર્યા હતા. ત્યારબાદ જિલ્લા પ્રતિનિધિ માટે 5 અને શાખા પ્રતિનિધિ માટે 6 ઉમેદવારો મેદાનમાં રહ્યા હતા. જરૂરી ફોર્મ પાછા ખેંચાતા આ ચારેય ઉમેદવારોનો બિનહરીફ વિજય થયો છે. સહકારી બેંકની ચૂંટણીમાં 4 પ્રતિનિધિઓ બિનહરીફ જાહેર થતાં સ્થાનિક સહકારી આગેવાનો અને સમર્થકોમાં ભારે ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે

ખાડાઓના સામ્રાજ્યથી વાહનચાલકો પરેશાન, રોડનો વચ્ચેનો ભાગ ઊંચો થતાં નાના વાહનોને નુકસાનનો ભય

રણભૂન-બુમડી રોડ પર ઠેર-ઠેર ખાડા, વાહનચાલકો પરેશાન

રોડની ગુણવત્તાની તપાસ અને તાત્કાલિક સમારકામની સ્થાનિકોની માંગ

(પ્રતિનિધિ) બોડેલી, તા.10

બોડેલી તાલુકાના રણભૂન-બુમડી રોડની હાલત દયનિય થઈ છે ટૂંક સમય અગાઉ રોડનું કામ કરવામાં આવ્યું હોવા છતાં દયનીય બની જવા પામી છે. રોડ પરથી સતત પસાર થતા ભારધારી વાહનોના કારણે અનેક સ્થળોએ રોડ બેસી જતાં મોટા પ્રમાણમાં ખાડાઓ પડી ગયા છે. રણભૂન-બુમડી રોડ પર ઠેર-ઠેર ખાડાઓ જોવા મળી રહ્યા છે. જેના કારણે વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ખાસ કરીને બાઈકચાલકો માટે ખાડાઓ જોખમી સાબિત થઈ રહ્યા છે. વરસાદી માહોલમાં ખાડાઓમાં પાણી ભરાઈ જતાં તેની ઊંડાઈનો અંદાજ ન આવવાથી અકસ્માતની શક્યતા પણ વધી છે.

આ ઉપરાંત રોડના કેટલાક ભાગોમાં રસ્તાની વચ્ચેનો ભાગ ઊંચો થઈ ગયો હોવાથી કાર સહિતના નાના વાહનો પસાર થાય ત્યારે વાહનના નીચેના ભાગને નુકસાન થવાની ભીતિ રહે છે. બાઈકચાલકોને પણ આવા અસમતોલ રસ્તાના કારણે ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

સ્થાનિકોનું કહેવું છે કે ટૂંકા સમય અગાઉ બનાવવામાં આવેલ રોડ જો આટલી ઝડપથી બિસ્માર થઈ જાય તો રોડની ગુણવત્તા અને કામગીરી સામે પણ સવાલો ઊભા થાય છે. ભારધારી વાહનોની અવરજવર પર નિયંત્રણ તથા રોડની ગુણવત્તાની યોગ્ય તપાસ કરવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે.

સ્થાનિક વાહનચાલકો અને ગ્રામજનોની માંગ છે કે સંબંધિત તંત્ર દ્વારા વહેલી તકે સ્થળ પર તપાસ કરી રોડના ખાડાઓનું સમારકામ કરવામાં આવે તેમજ રોડની જરૂરી મરામત કરીને વાહનચાલકોને પડતી મુશ્કેલીમાંથી રાહત આપવામાં આવે.

લુણાની કેમિકલ કંપનીમાં રિએક્ટરમાં બ્લાસ્ટ, ચાર કામદારો ઈજાગ્રસ્ત

(પ્રતિનિધિ) પાદરા, તા.10

પાદરા તાલુકાના લુણા ગામે આશીષ ઓર્ગેનિક કંપનીમાં રિએક્ટરમાં અચાનક બ્લાસ્ટ થતાં ચાર કામદારો ઈજાગ્રસ્ત થયા હતા. બ્લાસ્ટના પગલે કંપનીની આસપાસની દિવાલો તથા ઓફિસના કાચ તૂટી ગયા હતા અને રો-મટિરિયલ તથા તૈયાર થતા મટિરિયલને પણ નુકસાન થયું હતું. ગત રોજ લુણા ગામે આવેલી આશીષ ઓર્ગેનિક કંપનીમાં એસ.એસ. કોપર નામના રિએક્ટરમાં ટ્રાય સોડિયમ ફોસ્ફેટ તથા સોડિયમ એસિટેકને ડ્રાય કરવા માટે આશરે 250 કિલો સામગ્રી નાખવામાં આવી હતી. ત્યારબાદ પીએચ સેટ કરવા માટે એસિટિક એસિડ, ફોસ્ફોરિક એસિડ તથા કોસ્ટિક સોડા આશરે 100 લીટર જેટલું નાખવામાં આવ્યું હતું.

સાવલીના અંડરપાસમાં મગર દેખાતા વાહનચાલકોમાં ફફડાટ

(પ્રતિનિધિ) સાવલી, તા.10

સાવલી તાલુકાના પિલોલ આસોજ ગામને જોડતો રેલવે લાઇન ની નીચે અંડર પાસ બનાવેલ છે તે રોડ પર રાત્રિના સમયે મગર દેખાતા લોકોમાં ભયનો માહોલ ફેલાઈ ગયો હતો મગરને રોડની વચ્ચે આંટાફેરા મારતો જોઈને વાહનચાલકોમાં ફફડાટ ફેલાઈ ગયો હતો તેના પગલે સ્થાનિકો દ્વારા વન વિભાગને જાણ કરવામા આવી હતી. વન વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને તેમની સાથે નેચર ફાઉન્ડેશનની ટીમ પણ રેસ્ક્યુ કામગીરીમાં જોડાઈ હતી વન વિભાગ અને નેચર ફાઉન્ડેશન દ્વારા મગરનું સંયુક્ત રેસ્ક્યુ કરાયું હતું અને મગરને સલામત સ્થળે ખસેડવામાં આવ્યો હતો.

સામેથી આવેલી બોલેરોએ કલેક્ટરની કારને મારી ટક્કર

છોટાઉદેપુર જિલ્લા કલેક્ટરની ગાડીને અકસ્માત: બોલેરો સાથે અકસ્માત સર્જાતા ડ્રાઈવરને ઈજા

અકસ્માત બાદ પણ કલેક્ટર પોતાની કામગીરીમાં મગ્ન હતા

(પ્રતિનિધિ) બોડેલી, તા.10

છોટાઉદેપુર જિલ્લા કલેક્ટર ગાર્ગી જૈનની સરકારી ગાડીને દેવલિયા નજીક અકસ્માત નડતાં ભારે અફરાતફરી સર્જાઈ હતી. સામેથી આવી રહેલી બોલેરો ગાડીએ કલેક્ટરની ગાડીને ટક્કર મારતાં અકસ્માત સર્જાયો હતો. સદનસીબે અકસ્માતમાં જિલ્લા કલેક્ટર ગાર્ગી જૈન અને તેમના બોડીગાર્ડનો આબાદ બચાવ થયો હતો, જ્યારે કલેક્ટરની ગાડીના ડ્રાઈવરને સામાન્ય ઈજાઓ પહોંચી હોવાનું જાણવા મળે છે.

મળતી માહિતી મુજબ, જિલ્લા કલેક્ટર ગાર્ગી જૈન આજે બોડેલીની નવજીવન હાઈસ્કૂલ ખાતે યોજાયેલા 'કલેક્ટર ઈન ક્લાસરૂમ' કાર્યક્રમમાં ભાગ લેવા જઈ રહ્યા હતા. દરમિયાન દેવલિયા નજીક સામેથી આવી રહેલી બોલેરો ગાડીએ તેમની સરકારી ગાડીને ટક્કર મારી હતી. અકસ્મતે બોલેરો ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતા વાહન રસ્તાની બાજુના ખાડામાં ઉતરી ગયું હતું. જ્યારે ટક્કરના કારણે કલેક્ટરની ગાડીના ડ્રાઈવર સાઈડના દરવાજાનો કાચ તૂટી ગયો હતો. કાચ તૂટતાં ડ્રાઈવરને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી. અકસ્માતમાં કલેક્ટરની સરકારી ગાડીને પણ નોંધપાત્ર નુકસાન થયું હોવાનું જાણવા મળે છે.

અકસ્મત બાદ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને બોલેરો ચાલકને અટકાયતમાં લઈ વધુ તપાસ હાથ ધરી છે. અકસ્માતની ઘટનાથી થોડા સમય માટે સ્થળ પર અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

કરજણ ખેતી બેંકની ચારેય બેઠકો બિનહરીફ, ચૂંટણીની જરૂર ન પડી

(પ્રતિનિધિ) કરજણ, તા. 10

ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ બેંક લિમિટેડની સમગ્ર ગુજરાતમાં યોજાનારી ચૂંટણી અંતર્ગત વડોદરા જિલ્લામાં પણ ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જેમાં કરજણ તાલુકાની ખેતી બેંકની બે તાલુકા શાખા પ્રતિનિધિ અને બે જિલ્લા પ્રતિનિધિની બેઠકો માટે ઉમેદવારી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ચારેય બેઠકો બિનહરીફ જાહેર થઈ છે.

કરજણ તાલુકાની બે તાલુકા શાખા પ્રતિનિધિની બેઠકો માટે વિક્રમસિંહ કનકસિંહ અટાલિયા (ભરથાણા) અને મહેશભાઈ જેસંગભાઈ પટેલ (વેમારડી) એ જ ઉમેદવારી નોંધાવી હતી. બંને ઉમેદવારો સામે અન્ય કોઈ ઉમેદવાર ન રહેતા તેઓ બંને તાલુકા શાખા પ્રતિનિધિ તરીકે બિનહરીફ ચૂંટાઈ આવ્યા છે.

આમ, કરજણ તાલુકામાં ખેતી બેંકની બે તાલુકા શાખા પ્રતિનિધિ અને બે જિલ્લા પ્રતિનિધિ એમ ચારેય બેઠકો બિનહરીફ થતાં ચૂંટણીમાં મતદાનની જરૂરિયાત રહી નથી. ચારેય બિનહરીફ ચૂંટાયેલા પ્રતિનિધિઓનું કરજણ બજાર સમિતિ ખાતે સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કરજણના ધારાસભ્ય અક્ષય પટેલ, જિલ્લા ભાજપના મહામંત્રી જયદીપસિંહ ચૌહાણ સહિત ભાજપના હોદ્દેદારો અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

પાદરામાં જુગાર રમતા પાંચ શખ્સો ઝડપાયા, રૂ.૧૦,૬૫૦ રોકડા જપ્ત

(પ્રતિનિધિ) પાદરા, તા.10

પાદરા સંતરામ ભાગોળ વિસ્તારમાં લતીપુરા રોડ ઉપર તમાકુની ખરીની ખુલ્લી જગ્યામાં પત્તા-પાના વડે રૂપિયાની હારજીતનો જુગાર રમાતો હોવાની માહિતીના આધારે પાદરા પોલીસે દરોડો પાડી પાંચ શખ્સોને ઝડપી પાડ્યા હતા.પોલીસના જણાવ્યા ગત રોજ બપોરના સમયે પાદરા ટાઉનના સંતરામ ભાગોળ, લતીપુરા રોડ ઉપર તમાકુની ખરીની ખુલ્લી જગ્યામાં પાંચ ઈસમો પત્તા-પાના વડે હારજીતનો જુગાર રમતા અને રમાડતા ઝડપાયા હતા.પોલીસે સ્થળ પરથી પત્તા-પાના નંગ-52, પાથરણા માટેનો એક હાથ રૂમાલ તથા જમીન-દાવના રૂ.4,580 અને આરોપીઓની અંગઝડતીમાંથી રૂ.6,070 મળી કુલ રૂ.10,650 રોકડા કબજે કર્યા હતા

નારેશ્વર ધામમાં દીપડાની દહેશત: રાત્રે 'નમો વડ વન' પાસે જ દીપડો દેખાયો

પાલેજ-નારેશ્વર રોડ પર હોસ્પિટલ નજીક દીપડો દેખાતા ભયનો માહોલ

(પ્રતિનિધિ) કરજણ, તા. 10

માં નર્મદા કિનારે આવેલા કરજણ ાલુકાના પ્રસિદ્ધ યાત્રાધામ નારેશ્વર ધામમાં દીપડાની દહેશત જોવા મળી રહી છે. નારેશ્વર ધામના મુખ્ય દ્વાર તરફ જવાના પાલેજ-નારેશ્વર રોડ પર હોસ્પિટલ નજીક રાત્રિના સમયે દીપડો ટહેલતો જોવા મળ્યો હતો. ખાસ કરીને 'નમો વડ વન' પાસે જ દીપડો દેખાતા સ્થાનિકોમાં ભયનો માહોલ ફેલાયો છે.

નારેશ્વર ધામમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શન માટે આવતા હોય છે, જ્યારે રાત્રિના સમયે પણ સ્થાનિકોની અવરજવર રહે છે. આવી સ્થિતિમાં મુખ્ય માર્ગ અને માનવ વસાહત નજીક દીપડાની હાજરીને પગલે દર્શનાર્થીઓ તેમજ નારેશ્વર ધામમાં રહેતા ગ્રામજનોમાં દહેશત ફેલાઈ છે.

દીપડો રહેણાંક વિસ્તાર અને મુખ્ય માર્ગની નજીક દેખાતા કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે વન વિભાગ દ્વારા તાત્કાલિક સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરવામાં આવે તેવી માંગ ઉઠી છે. દીપડાની હિલચાલ પર નજર રાખવા માટે જરૂરી વ્યવસ્થા કરી તેને સલામત રીતે પકડી અન્યત્ર ખસેડવા માટે વન વિભાગ ત્વરિત કાર્યવાહી કરે તે હિતાવહ છે.

કરજણની સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવાનો પ્રયાસ

કરજણ નગરપાલિકાના મોડેલ ફાયર સ્ટેશનમાં નવી નિમણૂંકો: સુરક્ષા કવચ વધુ સુદ્રઢ બન્યું

(પ્રતિનિધિ) કરજણ, તા.10

આજરોજ, તારીખ 10મી ઓગસ્ટ, 2026ના શુભ દિને, કરજણ નગરપાલિકાના વડોદરા જિલ્લામાં આવેલા અદ્યતન મોડેલ ફાયર સ્ટેશનના મહેકમની ભરતી પ્રક્રિયા સફળતાપૂર્વક સંપન્ન થઈ છે. આ પ્રક્રિયાના અંતે, કુલ પાંચ (05) નવનિયુક્ત ઉમેદવારોને કરજણની સેવા માટે પસંદ કરવામાં આવ્યા છે, જે કરજણની સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત બનાવશે.

આ પ્રસંગે, કરજણ-શિનોરના લોકલાડીલા ધારાસભ્ય અક્ષયભાઈ પટેલના વરદ હસ્તે, કરજણ નગરપાલિકાના પ્રમુખ, કારોબારી ચેરમેન, ટાઉન પ્લાનિંગ ચેરમેન, શાસકપક્ષના નેતા, દંડક તેમજ અન્ય સભ્યઓની ગરિમામય ઉપસ્થિતિમાં, આ પાંચેય ઉમેદવારોને નિમણૂંક પત્રો એનાયત કરવામાં આવ્યા હતા. આ સાથે જ, તેઓને તાત્કાલિક અસરથી ફરજ પર હાજર થવાની પ્રક્રિયા પણ પૂર્ણ કરવામાં આવી હતી.

આ અવસરે, ધારાસભ્ય અક્ષયભાઈ પટેલે નવી ફરજ બદલ તમામ નવનિયુક્ત ઉમેદવારોને હૃદયપૂર્વકની શુભેચ્છાઓ પાઠવી હતી. તેમણે ઉમેદવારોને તેમની નવી ભૂમિકામાં ઉત્સાહ અને સમર્પણ સાથે કામ કરવા પ્રોત્સાહિત કર્યા હતા, અને કરજણની જનતાની સુરક્ષા માટે તેઓ પ્રતિબદ્ધ રહેશે તેવી અપેક્ષા વ્યક્ત કરી હતી. આ નિમણૂંકો કરજણ નગરપાલિકાની ફાયર સર્વિસને વધુ કાર્યક્ષમ અને સજ્જ બનાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપશે, જે શહેરના નાગરિકો માટે સુરક્ષાનું એક મજબૂત કવચ પૂરું પાડશે.

સાવલી પંથકમાં જુગારધામો પર પોલીસનો સપાટો, ૧૧ જુગારી ઝડપાયા

(પ્રતિનિધિ) સાવલી, તા. 10

સાવલી તાલુકામાં જુગારની પ્રવૃત્તિ સામે પોલીસે સપાટો બોલાવી ત્રણ અલગ-અલગ સ્થળે દરોડા પાડી કુલ 11 જુગારીઓને રૂ.30,340ના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા હતા. ત્રણેય પોલીસ મથકની કાર્યવાહીથી જુગાર રમતા તત્વોમાં ફફડાટ ફેલાયો છે.

મંજુસર પોલીસને ગામ તળાવ પાસે વડના ઝાડ નીચે કેટલાક ઈસમો હારજીતનો પાના-પત્તાનો જુગાર રમતા હોવાની માહિતી મળતાં દરોડો પાડ્યો હતો. પોલીસે હસમુખભાઈ વાઘેલા, રાજુભાઈ સોલંકી, કમલેશભાઈ હરિજન, નિલેશભાઈ સોલંકી અને સંજયભાઈ વાઘેલાને ઝડપી પાડ્યા હતા. તેમની પાસેથી રોકડ રકમ અને પાંચ મોબાઈલ મળી કુલ રૂ.29,100નો મુદ્દામાલ કબજે કરાયો હતો.

બીજા બનાવમાં ભાદરવા પોલીસે મહાપુરા ગામે પીપળવાસ પાસે જુગાર રમતા અરૂણભાઈ પરમાર, મયુરભાઈ ચૌહાણ અને વિશાલભાઈ ચૌહાણને ઝડપી પાડ્યા હતા. તેમની પાસેથી રોકડ અને દાવ પરની રકમ મળી કુલ રૂ.540નો મુદ્દામાલ કબજે કરાયો હતો.

ત્રીજા બનાવમાં સાવલી પોલીસે રસાવાળી ગામે ભાથીજી મંદિર પાસે દરોડો પાડી ફતેસિંહ સોલંકી, જશવંતસિંહ રાઠોડ, નરેશકુમાર સોલંકી અને અલ્પેશને ઝડપી પાડ્યા હતા. તેમની પાસેથી રૂ.1,700નો મુદ્દામાલ મળી આવ્યો હતો. પોલીસે તમામ સામે જુગારધારા મુજબ કાર્યવાહી હાથ ધરી છે.

કરજણના માંગરોલમાં રાજકીય ખેલનો અંત: સરપંચ વિરુદ્ધ અવિશ્વાસની દરખાસ્ત પસાર

તમામ ૮ સભ્યોએ અવિશ્વાસની દરખાસ્તને સમર્થન આપ્યું

(પ્રતિનિધિ) કરજણ, તા. 10

કરજણ તાલુકાની માંગરોલ ગ્રામ પંચાયતમાં છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલા રાજકીય ઘટનાક્રમનો આખરે અંત આવ્યો છે. સરપંચ રિયાબેન હરીશભાઈ પંચાલ વિરુદ્ધ રજૂ કરવામાં આવેલી અવિશ્વાસની દરખાસ્ત આજે યોજાયેલી ખાસ સભામાં પસાર થતાં માંગરોલ ગ્રામ પંચાયતમાં સત્તા પરિવર્તનનો માર્ગ મોકળો થયો છે.

માંગરોલ ગ્રામ પંચાયતની ચૂંટણીને હજુ માત્ર એક વર્ષ જેટલો સમય થયો છે. ચૂંટણીમાં રિયાબેન હરીશભાઈ પંચાલ મહિલા સરપંચ તરીકે ચૂંટાઈ આવ્યા હતા. જોકે, તેમના કાર્યકાળ દરમિયાન પંચાયતના વિકાસના કામો તેમજ સત્તાના દુરુપયોગને લઈને સભ્યોમાં અસંતોષ હોવાના આક્ષેપો સામે આવ્યા હતા.

મળતી માહિતી મુજબ, સરપંચ વિરુદ્ધ વિકાસના કામો યોગ્ય રીતે ન થતા હોવા તથા સત્તાના દુરુપયોગના આક્ષેપો સાથે 26 જુલાઈ, 2026ના રોજ ગ્રામ પંચાયતના તમામ 8 સભ્યોએ તલાટી કમ મંત્રી સમક્ષ અવિશ્વાસની દરખાસ્ત રજૂ કરી હતી. અવિશ્વાસની દરખાસ્ત રજૂ થયા બાદ સમગ્ર મામલો ચર્ચામાં આવ્યો હતો. ત્યારબાદ નિયમ મુજબ આજે અવિશ્વાસની દરખાસ્ત અંગે ખાસ સભા બોલાવવામાં આવી હતી.

શિનોર તાલુકાની પ્રાથમિક શાળાઓમાં પાઠ્ય પુસ્તકોની ઘટ

ધોરણ-૩માં પર્યાવરણ અને ગણિતના ૫૧૦-૫૧૦ પુસ્તકોની ઘટ

(પ્રતિનિધિ) શિનોર, તા. 10

વડોદરા, જિલ્લાના શિનોર તાલુકાની પ્રાથમિક શાળાઓમાં નવા શૈક્ષણિક સત્ર દરમિયાન પાઠ્યપુસ્તકોની ઘટ જોવા મળતા નાના ભૂલકાઓના અભ્યાસ પર અસર પડી રહી હોવાની સ્થિતિ સામે આવી છે. શિનોર તાલુકામાં કુલ ૪૬ પ્રાથમિક શાળાઓ આવેલી છે, જ્યાં વિવિધ ધોરણોના વિદ્યાર્થીઓ માટે જરૂરી સંખ્યામાં પુસ્તકો સમયસર ન પહોંચતા વિદ્યાર્થીઓ અને શિક્ષકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

ખાસ કરીને ધોરણ-૩માં પર્યાવરણ અને ગણિતના પાઠ્યપુસ્તકો બદલવામાં આવ્યા છે, પરંતુ આ બંને વિષયના પુસ્તકોની પૂરતી સંખ્યા ઉપલબ્ધ ન હોવાના કારણે વિદ્યાર્થીઓના અભ્યાસમાં વિક્ષેપ પડી રહ્યો છે. તાલુકાની ૪૬ પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૩ માટે પર્યાવરણના ૫૧૦ અને ગણિતના ૫૧૦ પુસ્તકોની ઘટ હોવાનું સામે આવ્યું છે. જ્યારે અંગ્રેજીના ૪૮૦ અને ગુજરાતીના ૪૮૫ પુસ્તકોની પણ જરૂરિયાત છે. બાલવાટિકા ભાગ-૧ના ૪૧ અને ભાગ-૨ના ૩૮ પુસ્તકોની ઘટ છે. ધોરણ-૧માં ગણિતના ૧૧, ગુજરાતીના ૪૩ અને પ્રવૃત્તિ પોથીના ૨૫ પુસ્તકોની ઘટ નોંધાઈ છે. ધોરણ-૨માં ગુજરાતીના ૪૩ અને ગણિતના ૬૮ પુસ્તકોની ઘટ છે.